### ભિલોડાના ખરાડી ગામે ૨૫૦૦થી વધુ મતદારોએ

# ''પાણી નહીં તો વોટ નહી''ના બેનરો સાથે ગ્રામજનોનો ભારે વિરોધ

## પાણી માટે વર્ષોથી હાલાકી ભોગવતા ગ્રામજનોએ ચૂંટણી બહિષ્કારની ચીમકી ઉચ્ચારી

ભિલોડા, તા. ૬

અરવલ્લી જિલ્લામાં ઉનાળાની શરૂઆત થતાની સાથે પાણીના પોકાર શરૂ થઈ ગયા છે. ત્યારે ભિલોડા તાલુકાના ખેરાડી ગામના પ્રજાજનોને છેલ્લા કેટલાય સમયથી પાણી ન મળતા ગામના તમામ મતદારોએ પાણી નહી તો વોટ નહી ના બેનરો લગાવી તંત્ર વિરોધી સુત્રોચ્ચાર કરી લોકસભા ચૂંટણીનો બહિષ્કારના બેનરો દર્શાવી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.

ભિલોડા તાલુકાના ખેરાડી ગામના પટેલ રમેશભાઈ, નવનીતભાઈ પટેલ, વાસુભાઈ પટેલ, ઠાકોર સતિષભાઈ, પ્રભાભાઈ પટેલ સહિતે જણાવ્યું હતું કે ગામમાં પટેલ સમાજ ઠાકોર સમાજ, અનુ.જાતિ સહિત બક્ષીપંચના લોકો પશુપાલન સાથે ખેતીનો વ્યવસાય કરી ગુજરાન ચલાવે છે. ગામમાં લોકસભાના ૨૫૦૦થી વધુ મતદારો મતદાન કરનાર છે. ગત વર્ષે ઓછો વરસાદ થતાં પાણીની તંગી સર્જાતા પશુઓને પીવાનું પાણી માટે વારંવાર રજૂઆતો કરી છે. પીવાના પાણીની મોટી સમસ્યા ઉભી થઈ છે . ગત વર્ષ કરતા ચોમાસામાં ખુબ ઓછો અને નહીવત વરસાદ પડતા પાણીની સમસ્યાની ગ્રામ્ય વિસ્તારોમાં ઉનાળાની શરૂઆતે પાણીની સમસ્યા વિકટ બની છે.




જ્યારે જ્યારે ચૂંટણી સમયે નેતાઓ મત મેળવવા આવે છે ત્યારે ગ્રામજનો દ્વારા ગામમાં વિકાસ, જરૂરિયાત પૂરતી વ્યવસ્થા જેવી કે પીવાનું પાણી, રસ્તા સહિત વીજળીના વિકટ પ્રશ્નોની પણ ચર્ચા કરી કામ કરવા માટે રજૂઆતો કરાય છે. પણ નેતાઓને વોટ મળી ગયા બાદ પુનઃ ફરકતા જ નથી. જેથી આ વર્ષે આવનારી લોકસભાની ચૂંટણીનો બહિષ્કાર વિરોધી ગામમાં બેનરો લટકાવી ગ્રામજનો એકત્ર થઈ ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી છે અને ગ્રામજનોએ બેનર બનાવી જાહેર સૂચના આપવામાં આવે છે કે ખેરાડી ગામમાં કોઈપણ રાજકીય પક્ષના નેતા કે કાર્યકતએ મત માંગવા માટે આવવું નહી જો આવશે તો તેના જાનમાલની જવાબદારી અમારી રહેશે નહી. આથી ખરાડી ગ્રામજનોએ લોકસભા ચૂંટણીનો બહિષ્કાર કરેલ છે. રસ્તા, પાણી નહીં તો વોટ નહી તેવા બેનરો ગામમાં લગાવી વિરોધ દર્શાવ્યો છે.



## ડીસા સહિત તાલુકામાં ગરમીનો પ્રકોપ

રણવિસ્તાર ધરાવતા બનાસકાંઠા જિલ્લાના ડીસા પંથકમાં સૌથી વધારે ઠંડી અને સૌથી વધારે ગરમી પણ પડે છે, તેમાં પણ એપ્રિલ મહિનો શરૂ થતા સૂરજદાદા આગ ઓકવા લાગ્યા છે. કાળઝાળ ગરમીથી આમ પ્રજા સાથે પશુ પંખી જીવો પણ આકુળવ્યાકુળ થઈ ઉઠ્યા છે. બપોરના સુમારે તો અસહ્ય ગરમીથી લોકો બહાર નીકળવાનું ટાળે છે તેથી સ્વયંભૂ કરફ્યુ જેવો માહોલ સર્જાતાં ચકલુંય ફરકતું નથી. મજૂર લોકો પણ કામ છોડી શહેરના એકમાત્ર સરદાર બાગમાં આરામ ફરમાવે છે. તેથી આ બાગ શ્રમજીવીઓ માટે આશીર્વાદરૂપ પુરવાર થાય છે.

## પ્રાંતિજ ખાતે જવાહર નવોદયની પરીક્ષા યોજાઈ

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે જવાહર નવોદયની પરીક્ષા પ્રાંતિજ શેઠ.પી.એન્ડર આર.હાઈસ્કૂલ તથા અવરઓન વિદ્યાવિહાર ખાતે યોજાઈ જેમા તાલુકામાંથી ૪૬૬ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

પ્રાંતિજ ખાતે જવાહર નવોદયની પરીક્ષા યોજાઈ હતી. જેમાં પ્રાંતિજ સહિત તાલુકામાંથી ધોરણ પાંચમાં અભ્યાસ કરતાં કુલ ૫૩૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા માટેનું ફોર્મ ભર્યું હતું. જેમાં આજરોજ પ્રાંતિજ શેઠ.પી.એન્ડર આર. હાઈસ્કુલ કેન્દ્ર ઉપર- ૪૨૫ વિદ્યાર્થીઓમાથી ૩૭૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. પરીક્ષાર્થી ૫૫ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યાં હતા. અવરઓન વિદ્યાવિહાર ખાતે કુલ ૧૦૭ વિદ્યાર્થીઓમાંથી કુલ ૯૬ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમા ૧૧ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. બન્ને સેન્ટરોમાં કુલ ૪૬૬ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

## વડગામ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો

વડગામ, તા. ૬

વડગામમાં આવેલી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજનો એક દિવસનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓને ગાંધીનગર અક્ષરધામ અને અમદાવાદમાં આવેલી સાયન્સ સિટી બતાવવામાં આવી હતી. આ પ્રવાસમાં ૫૨ જેટલા વિદ્યાર્થીઓ અને કોલેજ સ્ટાપ જોડાયો હતો. આ પ્રવાસનું સફળ સંચાલન કોલેજના પ્રાધ્યાપક અશોકભાઈ, આર.એચ. ચોધરી અને મીનલબેને કર્યું હતું.



## પ્રાંતિજ ખાતે સિંધી સમાજના યુવાનો દ્વારા છાશ અને ચણાનું વિતરણ કરાયુ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે સિંધી સમાજના ભાઈઓ દ્વારા ચેટીચંદ પર્વને લઈને ધંધારોજગાર બંધ પાળી ઝુલેલાલ પરબ પાસે ચણા અને ઠંડી મસાલા છાસનુ વિતરણ કરવામાં આવ્યું. પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ ખાતે આવેલ શ્રી ઝુલેલાલ પાણીની પરબ ખાતે ચેટીચંદ પર્વને લઈને સિંધી સમાજના ભાઈઓ યુવાનો દ્વારા ધંધારોજગાર બંધ પાડી બસસ્ટેન્ડ ખાતે આવેલ ઝુલેલાલ પરબ ખાતે ચણા અને ઠંડી મસાલા છાસનું વિતરણ કરવામાં આવ્યું હતું. ભાખરીયા બસ સ્ટેન્ડ ખાતે પ્રાંતિજ તથા તાલુકામાંથી આવતાં જતાં લોકોએ ચણા અને ગરમીમાં મસાલા છાશ મળી રહેતાં ગરમીમાં રાહત થઈ હતી. સિંધી સમાજના આગેવાનો, વડીલોએ યુવાનોની આ કામગીરીને બિરદાવી હતી. યુવાનોએ પણ ચેટી ચંડ પર્વને તૈહવારને લઈને હોટલો કે અન્ય જગ્યાએ ફરવા જવાને બદલે સિંધી સમાજના વડીલો તથા સમાજનુ નામ રોશન થાય તેવું કામ કરતાં સમાજ દ્વારા યુવાનોને બિરદાવવામા આવ્યા હતા.



## અસ્માપુરા યુવાન ભારતીય સેનામાંથી સેવાનિવૃત થતાં માદરે વતનમાં ભવ્ય સ્વાગત

અસ્માપુરા (ગોળા)ના જવાન લાખનસિહ રાણા ભારતીય સેનામાંથી સેવાનિવૃત થતા માદરે વતને ઉષ્માભર્યું સ્વાગત કરાયુ હતુ. પાલનપુર તાલુકાના અસ્માપુરા (ગોળા)ગામના જવાન લાખનસિહ ગુલાબસિંહ રાણા ૧૫૯ ફિલ્ડ રેજીમેન્ટ મેરઠ ખાતેથી ભારતીય સેનામાંથી સેવા નિવૃત થતા માદરે વતન પરત ફરતાં ગ્રામજનો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. લાખનસિહ રાણા ૧૮ વર્ષ દેશસેવા કરી નિવૃત્તિ પામતાં ગ્રામજનોમા દેશભાવના સાથે આનંદની લાગણી જોવા મળી હતી. સરહદ પર સૌનિકમાં ફરજ બજાવનાર લાખનસિહ રાણા સેવા નિવૃત થઈને પરત ફરતાં પરિવારજનોમાં પણ આનંદ છવાયો હતો અને ભાવુક બની ગયા હતા.

### મોડાસાના દબંગ યુવાને ચાની કીટલી પર

# પાંચ રૂપિયા આપવાના બદલે ઉશ્કેરાઈ નોકર પર ગરમ ચાનું તપેલું ઢોળ્યું

મોડાસા, તા. ૬

મોડાસા તાલુકા પંચાયત કચેરી સામે આવેલી ચાના સ્ટોલ પર રાત્રીના સુમારે ચા પીવા પહોંચેલા યુવકે ચા ની લિજ્જત માણ્યા પછી ૫ રૂપિયા નોકરે માંગતા દબંગ યુવકે ઉશ્કેરાઈ જઈ ગ્રાહક સાથે મારામારી કરી ઉશ્કેરાઈ ઉકળતી ચાનું તપેલું નોકર પર ઢોળી દેતા શરીર ગંભીર રીતે દાઝી જતા તાબડતોડ ૧૦૮ ઈમર્જન્સી એમ્બ્યુલન્સ મારફતે સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડાયો હતો. માથા ફરેલ શખ્સ જાણે માથે ભૂત સવાર થયું હોય તેમ ઘરે જઈ હાથમાં લોંખડની પાઈપ સહીત અન્ય મારક હથિયાર સાથે કીટલી પર તોડફોડ મચાવતા ભારે અફડાતફડી મચી હતી.

મોડાસાના માલપુર રોડ પર આવેલી ''જગાની કીટલી'' તરીકે જાણીતી ચાના સ્ટોલ પર શુક્રવારે રાત્રીના ૧૦ વાગ્યાના સુમારે ચાના ૫ રૂપિયા જેવી નજીવી રકમ માટે દંગલ મચી ગયું હતું.

ચાની કીટલીના માલિકના જણાવ્યા અનુસાર એક શખ્સ મોડી રાત્રીના સુમારે ચા પીવા માટે આવ્યો હતો. ચા પીધા પછી તેની પાસે ચાના ૫ રૂપિયા માંગતા ગ્રાહક અચાનક ઉશ્કેરાઈ જઈ અપશબ્દો બોલવાની સાથે નોકર સાથે મારામારી પર ઉતરી આવ્યો હતો અને ગેસ પર ઉકળતી ચાનું ભરેલું તપેલું નોકર પર ઢોળી ગ્રાહકે ઝપાઝપી કરી ફરાર થઈ જતા નોકર શરીરે ગંભીર રીતે દાઝી જતા સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો છે. ત્યારબાદ આ શખ્સે ચાની કીટલી પર ફરીથી આવી તોડફોડ મચાવી હતી પોલીસને જાણ કરવાની બાકી હોવાનું જણાવ્યું હતું.



મોડાસા શહેરના માલપુર રોડ પર ચાની કીટલી પર નોકરી કરતા ગરીબ યુવાનને માર મારવાની ઘટના બનતા અને ગરમ ચાનું તપેલું ઢોળી કીટલી પર તોડફોડની ઘટનાને ૧૨ કલાક જેટલો સમય વીતવા છતાં પોલીસ ચોપડે આ ઘટનાના ન નોંધાઈ હોવાથી પ્રજાજનોમાં પણ અચરજ ફેલાયું છે.

## મોડાસામાં હાઈકોર્ટેના મુખ્ય ન્યાયમૂર્તિ અનંત દવેના હસ્તે નવ નિર્મિત ડિસ્ટ્રીક્ટ કોર્ટનું ઉદઘાટન

મોડાસા, તા. ૬

અરવલ્લી જિલ્લામાં મોડાસામાં શામળાજી હાઈવે ઉપર જિલ્લા સેવા સદન સામે ૪૦ લાખના માતબર ખર્ચે નવ નિર્મિત સુવિધાસભર ડિસ્ટ્રીક્ટ કોર્ટનું ઉદઘાટન ગુજરાત હાઈકોર્ટેના મુખ્ય ન્યાયમૂર્તિ અનંત દવે કરશે. હાઈકોર્ટે જજ જે.બી. પારડીવાલા પણ ખાસ ઉપસ્થિત રહેશે.

જી.એલ.એચ.કોમ બાર કાઉન્સિલ ગુજરાતના ચેરમેન અને અરવલ્લી જિલ્લા બાર એસોસિએશનના પ્રમુખ જાણીતા ધારાશાસ્ત્રી હીરાભાઈ એસ.પટેલ તેમજ પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજ વિક્રમસિંહ બી. ગોહિલ અને મોડાસા બાર એસોસિએશનના પ્રમુખ ભરતભાઈ કોઠારી દ્વારા અપેક્ષિત મહેમાનોને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આગામી તા ૭-૪-૧૮ને રવિવારે સવારે ૧૦ કલાકે આ ડિસ્ટ્રીક્ટ કોર્ટનું ઉદઘાટન થશે અને તેના માટે તડામાર તૈયારીઓ પણ શરૂ કરી દેવામાં આવી છે.

## ડીસાના અખોલ ઓવરબ્રિજ ઉપરથી હીટાચી મશીન ખાબક્યું

ડીસા, તા. ૬

બનાસકાંઠા જિલ્લાના તાલુકા મથક ડીસાની મધ્યમાંથી નેશનલ હાઈવે પસાર થાય છે જે હાઈવે ઉપર ટ્રાફિકની સમસ્યા હળવી કરવા અખોલ ગામ નજીકના ચાર રસ્તા ઉપર કરોડોના ખર્ચે ઓવરબ્રિજ બનાવાયો છે તેથી ભારે વાહનો ઓવરબ્રિજ ઉપરથી પસાર થઈ જતા ટ્રાફિક સમસ્યા હળવી બની છે. ત્યારે નાના મોટા વાહનોની આવનજાવનથી રાત દિવસ ધમધમતા આ ઓવરબ્રિજ ઉપરથી ગઈકાલે વિશાલ હિટાચી મશીન ભરેલું ટ્રેઈલર ગન્તવ્ય સ્થળે જઈ રહ્યું હતું ત્યારે અચાનક ભારેખમ વજનવાળું મશીન ઓવરબ્રિજ ઉપરથી ધડાકાભેર નીચે સર્વિસ રોડ ઉપર ખાબક્યું હતું. સદનસીબે સર્વિસ રોડ ઉપરથી જતી કાર પળમાં પસાર થવા જતા દુર્ઘટના ટળી ગઈ હતી. પરન્તુ બનાવના પગલે લોકોના શ્વાસ અદ્ધર થઈ ગયા હતા.



## ડીસામાં ઝુલેલાલ ભગવાનની ભવ્ય શોભાયાત્રા નીકળી

ડીસા સહિત સમગ્ર દેશમાં આજે શનિવારે ચેટીચાંદ અને ચૈત્રી નવરાત્રી પર્વનો પ્રારંભ થયો છે. ત્યારે સિંધી સમાજ દ્વારા ચેટીચાંદ પર્વ નિમિત્તે ભગવાન ઝૂલેલાલના જન્મદિવસની હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. ડીસામાં પણ તેરમીનાળા વિસ્તારમાં આવેલ ભગવાન ઝૂલેલાલના મંદિરે સવારથી જ વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. દર્શનાર્થે મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા. ડીસા શહેરમાં પૂજ્ય સિંધી પંચાયત દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ આજે શનિવારે ચેટી ચાંદ પર્વની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. સવારે મંદિર ખાતે બેરાણા સાહેબજી આહુતિ અખા બાદ બપોરે ભોજન પ્રસાદનું આયોજન કરાયું હતું. ત્યારબાદ સાંજે ભવ્યશોભાયાત્રા નિકળી હતી. જેમાં ટહુકાર બ્રિટિશના મધુ ચેલાણીએ સિંધી અને અન્ય સોંગ પર ભકતો ઝૂમી ઉઠ્યા હતા. આ યાત્રા જુલેલાલ મંદિરથી નીકળી ફુવારા સર્કલ ગાંધીજીની પ્રતિમા પાસે લેખરાજ ચાર રસ્તા સહિત મુખ્ય બજારોમાં ફરી હતી. ત્યારબાદ સાંજે પણ સિંધુભવન ખાતે મહાઆરતી અને ભોજન પ્રસાદનું આયોજન કરાયું હતું. કાર્યક્રમમાં સમાજના પ્રમુખ ગોવિંદભાઈ ભાગચંદાણી, દિલીપભાઈ ઠરિયાણી, ખૂબચંદભાઈ મોહનનાની, રમેશભાઈ ભાગચંદાની, સુંદરભાઈ ફુલવાણી, રામભાઈ મેઘાણી, વિજયભાઈ હેમનાની, મનુભાઈ ગુરબાણી, કમલભાઈ નંદરામાણી, બલ્લુભાઈ છતાણી, ભરત આશનાની, સોનુ ફુલવાણી, પરેશ કેવલાણી સહિત મોટી સંખ્યામાં સિંધી સમાજના ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.



## પ્રાંતિજ ખાતે રામલીલા કાર્યક્રમ યોજાયો

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે હેદરાબાદથી ધર્મ પ્રચારક પ્રયાગ ક્ષેત્ર કાશીથી ભગવાન રામલીલાની ઝાંખી સાથે સીતારામ ધર્મ પ્રચાર રામલીલા સાથે આવેલ કલાકારો દ્વારા યંત્ર યુગમાં પણ લોકોને સિનિમા તથા ટેલિવિઝનને પાછળ મુકી કલાકારોએ રામલીલા ભજવી પેટીયુ રડવાની સાથે ધર્મ પ્રચાર પણ કરે છે. પ્રાંતિજ નાની ભાગોળ શ્રી બહુચરમાતાના મંદિર ખાતે ઉત્તર પ્રદેશના હેદરાબાદ પ્રયાગ ક્ષેત્ર કાશીથી બાલકૃષ્ણ શુકલ વ્યાસજી પીઠ દ્વારા રામલીલા યોજવામાં આવી છે અને છેલ્લાં ત્રણ વર્ષથી હેદરાબાદમાં ધર્મ પ્રચારક પ્રયાગની સાથે બ્રાહ્મણો દ્વારા પોતાનું પેટીયું રડે છે, ત્યારે તેવો ધર્મના પ્રચાર માટે ગુજરાતમાં પણ છેલ્લા ત્રણ વર્ષોથી આવે છે અને ગુજરાતના વિવિધ વિસ્તારોમાં જઈને સીતારામ ધર્મ પ્રચારક રામલીલા ભજવીને લોકોને યંત્રયુગમાં પણ સિનિમા અને ટેલિવિઝન કરતાં પણ આબેહુબ પાત્રો ભજવતા લોકોમાં કઈક અલગ જોવાની સાથે ધર્મ પ્રત્યે જાગૃત કરી મનોરંજન પુરૂ પાડે છે. ગુજરાતમાં દાહોદ, ગોધરા, વડોદરા, અરવલ્લી, અમદાવાદ, આણંદ, પાલનપુર, બનાસકાંઠા, મહેસાણા સહિતના ૨૫થી પણ વધારે વિસ્તારમાં જઈને રામલીલા ભજવ્યા બાદ પ્રાંતિજ ખાતે પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાંતિજના નગરજનોએ પણ રાત્રીનાં સમયે ઠંડીની પણ પરવા કર્યા વગર રામલીલા જોવાં દોડી આવ્યા હતા. અને સાથે હિન્દુ ધર્મનું પણ જ્ઞાન મેળવ્યું હતું. જગદીશ પ્રસાદ પાડ્યા કલાકારો ટીમ દ્વારા આબેહૂબ કલાપાત્રો ભજવાતા પ્રાંતિજ વાસીઓને યંત્ર યુગમાં ટીવી તથા સિનિમા કરતા પણ આનંદની સાથે ધર્મનું ધાર્મિક જ્ઞાન મેળવ્યું હતું.